R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬
અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા
http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( ) ના( )
If undelivered pl.return to
સરનામામાં સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો
કાર્યાલય : ૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 20•ISSUE: 07 DATE: 13-02-2016•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## હિઝબુલના સલાહુદ્દીને પઠાણકોટના હુમલાની જવાબદારી સ્વીકારી

હિઝબુલ મુજાહિદ્દીનના વડા સૈયદ સલાહુદ્દીને પઠાણકોટ હુમલાની જવાબદારી સ્વીકારતાં જણાવ્યું હતું કે ભારતીય લશ્કરને નિશાન બનાવવાની પ્રક્રિયાનો આ એક ભાગ છે. પાકિસ્તાનના ઉર્દુ ન્યુઝ પોર્ટલને આપેલા એક ઇન્ટરવ્યુમાં સૈયદ સલાહુદ્દીને પાકિસ્તાનના વડા પ્રધાન નવાઝ શરીફથી કાશ્મીર નીતિની પણ ટીકા કરી હતી.

સૈયદ સલાહુદ્દીને જણાવ્યું હતું કે કાશ્મીર મામલામાં પાકિસ્તાન પ્રાથમિક પક્ષકાર અને વકીલ છે. ભારત સાથે પોતાના સબંધો સુધારતા પહેલાં પાકિસ્તાન કાશ્મીરી લોકોની લાગણી અને આકાંક્ષાઓ પ્રત્યે જવાબદાર છે.તમે એક હત્યારા અને મૃતક બંનેના મિત્ર બની શકો નહીં.સૈયદ સલાહુદ્દીન યુનાઇટેડ જેહાદ કાઉન્સીલનો વડો પણ છે.

યુનાઇટેડ જેહાદ કાઉન્સીલના પ્રવક્તાએ પઠાણકોટના હુમલાની જવાબદારી લીધી હતી. સૈયદ સલાહુદ્દીને જણાવ્યું હતું કે ભારત-પાકિસ્તાન વાતચીત રોકવાની સાજીસ હોવાની ધારણા ખોટી છે.સશસ્ત્ર મુજાહિદોનો ૨૬ વર્ષથી આઠ લાખ ભારતીય સુરક્ષા દળો સામે લડી રહ્યા છે.તેઓ રોજ ભારતીય સેના પર હુમલો કરે છે.પઠાણકોટ હુમલો પણ આ પ્રક્રિયાના ભાગરુપે હતો.૧૫૦થી વધુ વખત વાતચીત થઇ ચુકી છે.પરંતુ કાશ્મીર મુદ્દે એક વાર પણ ચર્ચા થઇ નથી.

ભારત આંતરરાષ્ટ્રીય સમુદાયને દગો આપવા માટે આ પ્રક્રિયા અપનાવે છે કે જેથી કાશ્મીરમાં પોતાન લશ્કરી તાકાત મજબુત કરવામાં મદદ મળે.ભારત ન તો કાશ્મીર મુદ્દે ચર્ચા કરવા માંગે છે કે ન તો આઝાદ કાશ્મીરને પક્ષકાર માનવા તૈયાર છે. આમ વાતચીતની પ્રક્રિયા એ સમયની બરબાદી છે.

કાશ્મીરને ભારતમાં લઇ લેવા માટે લડી રહેલા પાકિસ્તાન સ્થિત આતંકી જુથોના વડા સૈયદ સલાહુદ્દીને ભારતના આક્ષેપો પર પાક.સરકાર દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીની પણ કડક ટીકા કરી હતી.

જો કે ભારત અને પાકિસ્તાને અત્યાર સુધીમાં પઠાણકોટના મામલે કરેલી કસરતો આ જવાબદારી સ્વીકારના સંગઠનને લીધે નકામી થઇ જાય છે.આઝાદ કાશ્મીરના સંગઠને લીધેલ જવાબદારીને કારણે પાકિસ્તાન હવે પોતાને આંતરરાષ્ટ્રીય સમુદાય આગળ નિદોષતા સાબિત કરવા આ ગાણું ગાયા કરશે.

## બ્રિટનમાં અસાંજેની અટકાયતને ગેરકાયદેસર ગણાવતું યુ.એન

વિકિલિક્સના સ્થાપક જુલિયન અસાંજે અત્રે ઇક્વાડોરના દુતાવાસમાંથી બહાર નિકળશે તો તેમની ધરપકડ અને દેશનિકાલનો સામનો કરવો પડશે. અમુક અહેવાલોમાં દાવો કરાયો હતો કે સંયુક્ત રાષ્ટ્રની પેનલે બ્રિટનમાં તેમની અટકાયતને ગેરકાયદેસર ગણાવી હતી.

સંયુક્ત રાષ્ટ્રના કાર્યકારી જુથ દ્વારા આ મામલે ચુકાદો આવશે.પરંતુ બ્રિટીશ મીડીયાના અહેવાલોમાં જણાવાયું હતું કે ચુકાદો અસાંજેની તરફેણમાં જશે. બ્રિટન જાતીય સતાવણીના એક કેસમાં અસાંજેની ધરપકડ કરીને તેમને સ્વીડન સોપવા માંગે છે. અસાંજેને ૨૦૧૨માં લંડનમાં આવેલા ઇક્વાડોરના દુતાવાસમાં આશ્રય અપાયો હતો. અને હાલમાં પણ ત્યાં છે.

વિદેશ વિભાગે એક નિવેદનમાં જણાવ્યું હતું કે અસાંજેને બ્રિટન દ્વારા મનસ્વી રીતે અટકમાં રાખવામાં આવ્યા નથી.હકીકતે તો કાયદેસરની ધરપકડ ટાળવા માટે તેમણે ઇક્વાડોરના દુતાવાસમાં રહેવાનું પસંદ કર્યુ છે. તેમના પર બળાત્કારનો આરોપ હજુ પણ ઊભો છે અને યુરોપ દ્વારા ધરપકડ વોરંટ પણ અમલમાં છે તેથી અસાંજને સ્વીડન દેશનિકાલ કરવાની બ્રિટનની હજુ પણ કાનુની જવાબદારી છે.

દરમ્યાન અત્યંત ગુપ્ત માહિતીને જાહેર કરીને સનસનાટી મચાવનારી સંસ્થા વિકિલિક્સના સ્થાપક જુલિયન અસાંજેએ જણાવ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્રની પેનલ એવો ચુકાદો સંભળાવે કે તેમને મનસ્વી રીતે અટકમાં નથી લેવામાં આવ્યા તો તેઓ આવતી કાલે બ્રિટન પોલીસને શરણે જશે.અસાંજેએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્ર જાહેરાત કરે કે હું બ્રિટન અને સ્વિડન સામેનો કેસ હારી ગયો છું તો હું બ્રિટિશ પોલીસ દ્વારા ધરપકડ વ્હોરીને દુતાવાસની બહાર જઇશ કારણકે આગળ અપીલનો કોઇ સાર્થક શક્યતા નથી.જો તેઓ જીતી જશે અને બંને પક્ષોને ગેરકાયદેસર રીતે પગલું લેવાના દોષીત જાહેર કરવામાં આવશે તો હું આશા રાખું છું કે મારો પાસપોર્ટ મને તત્કાળ પાછો મળશ. અને મારી ધરપકડ કરવાના આગામી પ્રયાસો રોકવામાં આવશે.અસાંજે છેલ્લા ત્રણ વર્ષથી ઇક્વાડોરના દુતાવાસમાં આશ્રય હેઠળ છે.તેમને એવો ડર છે કે તેમને અમેરિકાને સોપી દેવામાં આવે તેવી શક્યતા છે જેથી ઘણા ગુપ્ત લશ્કરી એ રાજકીય દસ્તાવેજો લીક કરવાના સબંધમાં તેમની સામે કેસ ચાલી શકે.

અસાંજેએ સપ્ટે.૧૪માં સ્વીડન અને બ્રિટન સામે યુએન ગ્રુપ ઓન આર્બિટરી ડિટેન્શન સમક્ષ ફરિયાદ નોધાવીને દાવો કર્યો હતો કે તેમનું દુતાવાસમાં રહેવું એ તેમને ગેરકાયદેસર રીતે અટકમાં રાખવા બરાબર છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## મિલ્કતો ખરીદનારાઓની તરફેણ માટે દિલ્હી કોર્ટે અગત્યનો ચુકાદો આપ્યો

દિલ્હીની એક કોર્ટ દ્વારા અપાયેલ આદેશમાં જણાવાયું હતું કે બિલ્ડરો મિલ્કતો ખરીદનારાઓ સાથે કરારના ભાગ ન હોય તેવા છુપાયેલા ચાર્જીસ માંગી ન શકે અને તેઓ મિલ્કત આપવામાં વિલંબ કરે તો વળતર ચુકવવાને પાત્ર છે તેમ જણાવ્યું હતું.

કોર્ટે કહ્યું હતું કે બિલ્ડરો 'પવિત્ર ગાય' નથી કે જેમને તેમના ગ્રાહકો સવાલ ન કરી શકે. બિલ્ડરો વાજબી કારણ આપ્યા વગર કોઇ વધારાના ચાર્જીસ ન લઇ શકે તેમ ઠરાવતાં કોર્ટે કહ્યું હતું કે આવી રીતે ભાવ વધારીને કે વધારાની ચાર્જીસ લઇને બિલ્ડરો ખરીદકર્તાઓ પાસેથી વધુ નાણાં ઉઘરાવી લે છે જે ગેરકાયદેસર છે.

ટીડીઆઇ ઇન્ફ્રાસ્ટ્રકચર લી.ને તેની સોનેપતમાં આવેલા પ્રોજેક્ટમાં બે ભાઇઓએ બુક કરેલા પ્લોટનો કબજો તેમને સોપી દેવા અને ઓવરડ્યુ અને અન્ય ચાર્જીસની તેની માંગણી પાછી ખેચી લેવા આદેશ આપતાં એડીશનલ ડીસ્ટ્રીક જજ કામિની લાઉએ આ તારણો કાઢ્યા હતા.કોર્ટે દિલ્હીના રહેવાસીઓ રાજેસ અને મનોજ મિત્તલે ફાઇલ કરેલા સિવીલ દાવાના સંદર્ભમાં આ આદેશ જારી કર્યો હતો.બંને ભાઇઓએ જાન્યુઆરી ૨૦૦૬માં પ્લોટ બુક કરાવ્યો હતો. બિલ્ડરે તેમને રુ.૪૨.૭ લાખ વધુ ચુકવવા કહ્યુ હતું.

## પાકિસ્તાનમાં હિંદુ લગ્ન ધારો અનેક દાયકાઓના વિલંબ બાદ મંજુર થયો

પાકિસ્તાનમાં હિંદુ ધર્મીઓ લઘુમતીમાં છે.અનેક દાયકાઓથી ત્યાં લગ્ન ધારો બનાવવાની ક્વાયત ચાલતી આવતી હતી અને યેનકેન પ્રકારે તેમાં વિઘ્નો આવતાં તેને મંજુરી મળતી નહોતી. આખરે આ ધારાને મંજુરી મળી છે.

સંસદીય સમિતિએ આ બિલ સર્વસંમતિથી મંજુર કર્યુ છે.સમિતીના ચેરમેન ચૌધરી મહેમુદ બશીર વિર્કે બિલમાં વિલંબ અંગે ખેદ વ્યક્ત કરતાં કહ્યુ હતું કે કાયદો અને ન્યાય અંગેની રાષ્ટ્રીય એસેમ્બલીની સ્થાયી સમિતિએ આ બિલના અંતિમ મુસદ્દાને મંજુરી આપી દીધી છે.બેઠકમાં પાંચ હિંદુ સાંસદોને વિશેષ આમંત્રણ આપવામાં આવ્યું હતું.સમિતિએ વિલંબની તમામ યુક્તિઓ છેલ્લે સુધી અજમાવ્યા પછી અંતે બિલનો મુસદ્દો સ્વીકાર્યો હતો.તેમાં બે ફેરફાર કરવામાં આવ્યા છે.લગ્ન માટે પુરુષ અને મહિલા બંન્નેની વય ઓછામાં ઓછી ૧૮ વર્ષ કરવામાં આવી છે.અને સમગ્ર પાકિસ્તાનમાં આ કાયદો લાગુ કરાશે.હવે આ બિલ એસેમ્બલી(પાકિસ્તાની સંસદમાં) રજુ કરવામાં આવશે.જ્યાં બિલ પસાર થવાની શક્યતાઓ છે.કારણકે નવાઝ શરીફનો શાશક પક્ષ પીએમએમ-એન તેને ટેકો આપી રહ્યો છે.

## રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજીએ દેશના તમામ રાજ્યપાલોને બંધારણની ગરિમા જાળવવા માટે સુચન કર્યું

અરુણાચલ પ્રદેશમાં સર્જાયેલી રાજકીય કટોકટીને પગલે રાજ્યપાલોની ભુમિકા અંગે થયેલા વિવાદ વચ્ચે રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજીએ કહ્યું હતું કે બંધારણીય પદ પર રહેલા લોકોએ બંધારણની પવિત્રતા જાળવવી જોઇએ.

રાષ્ટ્રપતિ ભવન ખાતે રાજ્યપાલોની બે દિવસની કોન્ફરન્સનું ઉદ્‌ઘાટન કરતાં તેમણે જણાવ્યું હતું કે આપણા બંધારણાં દર્શાવાયેલા સિધ્ધાંતોને આપણે વળગી રહેવું જોઇએ. આ સિધ્ધાંતો આપણી આકાંક્ષાઓનું પ્રતિબિંબ છે. જેના આધારે આપણે આપણા લક્ષ્યાંક પ્રાપ્ત કરવાના છે.બંધારણીય પદ પર રહેલા આપણા જેવા તમામ લોકોએ આ બંધારણના પવિત્ર શબ્દોની પવિત્રતા જાળવવી જોઇએ.

રાષ્ટ્રપતિની આ ટીપણણી અરુણાચલ પ્રદેશના ઘટનાક્રમને પગલે મહત્વની છે. અરુણાચલના રાજ્યપાલ જે.પી.રાજખોવાએ લીધેલા વિવિધ પગલાંને કારણે અંતે ત્યાં રાષ્ટ્રપતિ શાશન મુકાયું છે.અને તેનો મામલો સુપ્રીમ કોર્ટમાં છે.અને આ બાબતમાં સુપ્રીમ કોર્ટે કડક આલોચના પણ કરી હતી.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

દિવસે દિવસે માનવીય સ્વભાવમાં અમીર થવાની ભાવનાઓ વધતી જાય છે.પરિણામે વગર શ્રમે રાતોરાત કરોડપતિ થવાના સ્વપ્નામાં ચકચુર લોકો ની સંખ્યા વધતી જાય છે.પરિણામ એ આવે છે કે લોકોની નજર ખોટા કામો પર વધુ પડતી જાય છે.ભ્રષ્ટાચારે માઝા મુકી છે.કોઇપણ સરકારી કચેરીઓ ભ્રષ્ટાચારથી મુક્ત નથી.પરિણામે કોર્ટો પણ હવે આ બાબતે બોલતી થઇ છે.લોકોને ન્યાય માટે ટેક્ષ નહી ભરવા માટે આહ્વાન આપ્યું છે.

જેમ જેમ વિકાસ થતો ગયો તેમ દેશમાં અનેક નવા ન્યુસન્સ આવતાં ગયાં. મોબાઇલ ક્રાંતિએ દુનિયા સીમીત કરી દીધી પરંતુ ગુનેગારોની સંખ્યાની માત્રા કલ્પીના શકાય તેમ વધારી દીધી.વિજાણું યંત્રો મળવાની સરળતાએ લોકોના માનસમાં વિકૃતિ પેદા કરી.છેલ્લા કેટલાક સમયથી દેશમાં નકલી ચલણી નાણું વધી ગયું છે. રિઝર્વ બેંકે નકલી નોટો બજારમાં ફરી રહી છે તેના આંકડાઓ બહાર પાડ્યા તે મુજબ તો આપણુ અર્થતંત્ર આ નકલી નોટોએ ખોખલું કરી નાંખ્યું છે.નકલ કરનારાઓ એટલા બધા પાવરધા બની ગયા છે કે અસલી અને નકલી વચ્ચેનો ભેદ સામાન્ય નાગરિકને પારખવો મુશ્કેલ બન્યો છે.

આ બધાની પાછળ રાતોરાત કરોડપતિ બની જવાનો ખ્વાબ છે.દુનિયાના એશોઆરામ ખરીદી લેવાની ગણતરી છે. પરિણામે આર્થિક ગુનાઓ અને ગુનેગારોની સંખ્યા વધતી જાય છે.યુવા પેઢીઓમાં ગુનાહિત માનસ ધરાવતા યુવાનોની સંખ્યા પણ વધતી જાય છે. મોરલ અસ્તિત્વ ખતરામાં છે.ચારિત્ર્યનું ઘડતર કરનારી શિક્ષણ સંસ્થાઓ અને કુટુંબો ઘટતાં જાય છે.શિક્ષણ સંસ્થાઓ માત્ર પૈસા કમાનાર સંસ્થાઓ બની ગઇ છે.પરિણામે દેશના સાચા નાગરિકો પેદા થાય તેવુ કદાચ કલ્પના બની જાય તો નવાઇ નહી રહે.

મોબાઇલની સંસ્કૃતિએ કેટલીક નવી ઉપાધીઓ પણ ઉભી કરી છે.જ્ઞાતિ બહારની પાત્રો સાથે જોડાઇને સામાજિક પરંપરાઓ તુટી રહી છે.કેટલીક કટ્ટરવાદી સંસ્થાઓને આ પરવડતું નથી. લવ-જેહાદના નામે તેઓ વરસી રહ્યા છે.પરંતુ ૨૧મી સદીમાં નાતજાતના ભેદો,પરંપરાઓ, રીતરીવાજોનો કચ્ચરઘાણ નિકળી જશે.ખેર સામાજિક ક્રાંતિ ઉભી કરવી જરુરી છે પરંતુ તેમાં આદર્શો સચવાય પરંતુ મતભેદો નું નિરાકરણ થાય તો ખરેખર આર્થિક અને સામાજિક ક્રાંતિ થઇ શકશે. નહિતર માત્ર ગુનેગાર વિશ્વ જ તૈયાર થશે.

## પુર્વ રાષ્ટ્રપતિ પરવેઝ મુશરફે વડાપ્રધાન મોદીને મુસ્લીમ વિરોધી બતાવ્યા

પાકિસ્તાનના પુર્વ રાષ્ટ્રપતિ પરવેઝ મુશરફે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મુસ્લીમ વિરોધી બતાવ્યા હતા.તેમણે કહ્યું હતું કે પાકિસ્તાને શરમ અનુભવતા જોઇ ન શકું.મોદી પાકિસ્તાન અને મુસ્લીમ વિરોધી નેતા છે.તેમનું લાહોર આવવું તેની જગ્યાએ ઠીક છે, પરંતુ તેનાથી કંઇ પ્રાપ્ત થયું નથી.તે પાકિસ્તાનની સાથે દગો કરી રહ્યા છે. મુશરફે પાકિસ્તાનની ચેનલ દુનિયા ન્યુઝને આપેલા ઇન્ટરવ્યુમાં આ વાત કહી હતી. ઇન્ટરવ્યું ૩૧મી જાન્યુઆરીએ પ્રસારિત થયો હતો.તેમાં તેમણે આતંકવાદથી માંડીને કાશ્મીર સુધીના મુદ્દાઓ પર વાત કરી હતી.તેમણે પુર્વ પીએમ અટલ બિહારી બાજપાઇ અને મનમોહનસિંહનો પણ ઉલ્લેખ કર્યો હતો.

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# લોકતંત્રની હત્યા પર અમે મૌન ન રહી શકીએ : રાજ્યપાલના નિર્ણયોની સમીક્ષા કોર્ટ ન કરી શકે તેવી દલીલ પર સુપ્રીમ કોર્ટની ટકોર

પુર્વોત્તર રાજ્ય અરુણાચલ પ્રદેશમાં રાષ્ટ્રપતિ શાસન લગાવવાના મુદ્દે સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે ટીપ્પણી કરી હતી કે આજે સુનાવણી દરમિયાન ઉચ્ચ અદાલતે કહ્યું કે જ્યારે લોકતંત્રની હત્યા થઇ રહી છે ત્યારે કોર્ટ મૌન રહી શકે નહી.સુપ્રીમ કોર્ટે આ ટીપ્પણી તે સમયની છે જ્યારે ભાજપના વિદ્યાયકોના વકીલે કહ્યું કે અદાલત રાજ્યપાલના નિર્ણય પર સુનાવણી કરી શકતી નથી.


કોર્ટે કેન્દ્રને દરેક પુરાવા પાછા આપવાનું કહ્યું.ઉલ્લેખનીય છે કે આ પહેલા આ મુદ્દે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નિર્દેશ જારી કર્યો હતો કે તે રાષ્ટ્રપતિ શાસન લગાવ્યા બાદ જપ્ત દરેક સરકારી દસ્તાવેજોની કોપી નિવર્તમાન મુખ્યમંત્રી નબામ ટુકી,મંત્રીઓ અને સંસદીય સચિવોને આપે.આ સાથે જ દરેક ખાનગી કાગળ પણ પાછા કરવાનું કહેવામાં આવ્યું હતું.રાજ્યપાલ પાસેથી નોટીસ જારી કરીને માંગ્યો જવાબ : સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે પોતાના તે આદેશને પાછો લઇ લીધો હતો જેમાં કોર્ટે અરુણાચલ પ્રદેશના રાજ્યપાલે નોટીસ જારી કરીને જવાબ માંગ્યા હતો.અદાલતે પોતાની આ નોટીસ કેન્દ્ર સરકારની તે દલીલને સાંભળ્યા બાદ પાછો લીધો હતો જેમાં કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટેને બતાવ્યું કે બંધારણના અનુચ્છેદ ૩૬૧ અનુસાર રાષ્ટ્રપતિ અને રાજ્યપાલને નોટીસ જારી ન કરી શકાય. સુપ્રીમ કોર્ટે કહ્યું કે રાજ્યપાલ ઇચ્છે તો પોતાની ઇચ્છાથી જવાબ દાખલ કરી શકે છે.

સુપ્રીમકોર્ટની બેન્ચે અરુણાચલ પ્રદેશની વિધાનસભા દ્વારા ઓક્ટો.થી અત્યાર સુધી થયેલા પત્રવ્યવહારની વિગતો આપવા કહ્યું છે કારણકે વિધાનસભાના અધિકારીઓએ જે દસ્તાવેજો આપ્યા છે તેનાથી કોર્ટ સંતુષ્ટ નથી.સ્પીકર નબામ રેબિયા અને રાજ્યપાલ જે.પી.રાજખોવા વચ્ચે વિધાનસભાનું સત્ર યોજવા કે તેને આગળ ધપાવવા અને કોંગ્રેસના બળવાખોર ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા અંગે શું પત્રવ્યવહાર થયો તે જોવા માંગે છે.બેન્ચમાં અન્ય જજમાં



જસ્ટીસ દિપક મિશ્રા,એમ.બી.લોકુર,પી.સી.ઘોષ, અને એન.વી.રામનનો સમાવેશ થાય છે.બીજી તરફ કોંગ્રેસના બળવાખોર ધારાસભ્યો વતી હાજર રહેલા સિનિયર એડવોકેટ રાકેશ દ્વિવેદીએ રાજ્યપાલના નિર્ણયનું સમર્થન કર્યુ હતું. અને કહ્યું હતું કે વિધાનસભાનું સત્ર બોલાવવું એ બિનલોકતાંત્રિક ન ગણી શકાય અને તેનાથી લોકશાહી પ્રક્રિયાને નુકશાન થતું નથી.ઊલટું વિધાનસભા ભવનને તાળા મારી દેવા અને ભાગી જવું તે બિનલોકતાંત્રિક કૃત્ય છે.

## સાહિત્યિક પત્રકારત્વ અંગે ફાધર ડો.વિનાયક જાદવના પુસ્તકનું વિમોચન




ફાધર ડો.વિનાયક જાદવના પીએચડીના સંસોધન લેખ પરના પ્રકાશિત પુસ્તક 'ગુજરાતી સાહિત્યિક પત્રકારત્વ :પ્રવાહો અને પ્રયોગો'ના વિમોચનનો કાર્યક્રમ ગુજરાત યુનીવરર્સીટી સેનેટ હોલ ખાતે યોજાયો હતો.આ પ્રસંગે ઉપસ્થિત ગુજરાત રાજ્યના રાજ્યપાલ ઓ.પી.કોહલીએ જણાવ્યું હતું કે 'આજે રાજકીય અને આર્થિક પત્રકારત્વ સાહિત્યિક પત્રકારત્વ પર હાવી થઇ ગયું છે.ત્યારે આ વિષય પર કામ કરવા માટો ફાધર ડો.વિનાયક જાદવને અભિનંદન આપવા જરુરી છે.'

આ પ્રસંગે હાજર જાણીતા સાહિત્યકાર રઘુવીર ચૌધરીએ કહ્યું હતું કે' પી.એચ.ડી.કરવું તો ફાધર જેવું કરવું, નાનામાં નાની ઉપેક્ષિત પત્રિકાને ધ્યાનમાં રાખી છે તેવું ઠોસ કામ કર્યુ છે.'આ પ્રસંગે લેખક વિષ્ણુ પંડયા, યુનીવરસીટીના કુલપતિ એમ.એન.પટેલ,સેંટ ઝેવિયર્સ કોલેજના ભુતપુર્વ આચાર્ય ફાધર ફ્રાંસીસ પરમાર તેમજ યુની.ના ગુજરાતી વિભાગના વડા કિર્તિદા શાહ સહિતના લોકોએ પ્રાસંગિક ઉદ્દબોધન કર્યુ હતું.

આ પુસ્તકના લેખક ફાધર ડો. વિનાયક જાદવ સેંટ ઝેવિયર્સ કોલેજ,અમદાવાદમાં સાહિત્ય અને પત્રકારત્વના અધ્યાપક છે.આદિલોક સામાયિકનું પ્રકાશન પણ કરે છે.

કર્ણાટકના શિક્ષણમંત્રી બી.સોમેશ્વર પરીક્ષામાં ચોરી કરતાં પકડાયા હતા.
સૌથી પહેલો ઝુલતો પુર ૧૮૨૬માં મનાઇની સામુદ્રધુની પર બાંધવામાં આવ્યો હતો.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરૂ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# વિકાસ યોજનાઓના સથવારે
# અમે બન્યા વિકાસયાત્રામા સહભાગી ........

## અનુસુચિત જાતિ ઉત્કર્ષ

**ડૉ.આંબેડકર આવાસ યોજના** : અનુસુચિત જાતિના લાભાર્થીને ગ્રામ્ય વિસ્તારમાં રૂા.૭૦,૦૦૦/-આવાસ બાંધવા માટે સહાય

**કુંવરબાઇનું મામેરૂ યોજના** : આ યોજના અંતગર્ત બે દિકરી સુધી મામેરા માટે રૂા.૧૦,૦૦૦/-સહાય

**માઇ રમાબાઇ સાતફેરા સમુહલગ્ન** : આ યોજના હેઠળ યુગલને રૂા.૧૦,૦૦૦/-સહાય : આયોજક સંસ્થાને રૂા.૫૦,૦૦૦/-

**વિદેશમાં ઉચ્ચ અભ્યાસ** : અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ અભ્યા માટે ૪ ટકાના વ્યાજે રૂા.૧૫લાખની લોન

**કોમર્શીયલ પાયલોટની તાલીમ** માટે અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને ૪ ટકાના વ્યાજે રૂા.૨૫ લાખની લોન

**સરસ્વતી સાધના યોજના** : ધો.૯માં અભ્યાસ કરતી અનુસુચિત જાતિની કન્યાઓને સરસ્વતી સાધના યોજના અંતગર્ત સાયકલ સહાય

**અનુસુચિત જાતિના ખેડુતોને સિંચાઇ સુવિધા** : નવા ટ્યુબવેલ અને નદી/કેનાલ આધારિત સિંચાઇ માટે રૂા.૧૪.૧૬ કરોડની નવી યોજનાનો અમલ

## ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫ની જન્મજયંતી વર્ષમાં ગુજરાત અર્પે છે કૃતઘનાપુર્ણ ભાવાંજલિ ...........

માનવીય ગરિમાના પ્રણેતા,સામાજિક ન્યાયના પુરસ્કર્તા, પ્રખર રાષ્ટ્રભક્ત,રાજનીતિજ્ઞ અને ભારતરત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરના વિચારો આજે પણ એટલા જ પ્રસ્તુત છે.

શ્રીમતી આનંદીબેન પટેલ
મુખ્યમંત્રી,ગુજરાત રાજ્ય

# યુવાઓને ત્રાસવાદમાં જતા રોકવા મુસ્લીમ નેતાઓ મદદ કરેઃ કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી રાજનાથસિંહે દેશની મુસ્લીમ સંસ્થાઓના વડાઓની બેઠક યોજી દેશમાં વધતા જતા ત્રાસવાદના દુષણને નાથવા અંગે ચર્ચા કરી હતી.તેમણે ભારતીય યુવાનોને ત્રાસવાદથી આર્કષાતા રોકવા મુસ્લીમ નેતાઓની મદદ માંગી હતી.રાજનાથસિંહ અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોવલે મુસ્લીમ નેતાઓને મધ્યપુર્વમાં ચાલી રહેલી ભારતીય યુવાનોની ત્રાસવાદમાં ભરતી બાબતે વાકેફ કર્યા હતા.આ પ્રવૃત્તિને રોકવા તેમનો સહકાર માંગ્યો હતો. મુસ્લીમ નેતાઓએ ત્રાસવાદને રોકવા સરકારને તમામ સહકાર આપવાની તૈયારી બતાવી હતી.

આ બેઠકમાં ત્રાસવાદી પ્રવૃત્તિ માટે સોશ્યલ મિડિયાનો દુરપયોગ અને ભારતના પાડોશી દેશોમાં વધી રહેલી ત્રાસવાદી પ્રવૃત્તિ અંગે ચર્ચા થઇ હતી.આ બેઠકમાં ઓલ ઈન્ડીયા ઈમામ ઓર્ગેનાઈઝેશનના વડા ઈમામ ઉમર અહેમદ ઉપરાંત અગ્રણી મુસ્લીમ સંસ્થાઓના વડા ઉપસ્થિત રહ્યા હતા.

દક્ષીણ ભારતના યુવાનો ત્રાસવાદથી વધુ આર્કષાય છે તે બાબત ધ્યાનમાં રાખીને કેન્દ્રીય મંત્રી રાજનાથ ટુંક સમયમાં કર્ણાટક,તેલંગાણા અને આંધ્ર પ્રદેશના અગ્રણી મુસ્લીમ નેતાઓ સાથે પણ બેઠક યોજશે.

# મહારાષ્ટ્રના ભુતપુર્વ મુખ્યમંત્રી અશોક ચવ્હાણ સામે કાર્યવાહી કરવા માટે સીબીઆઇને રાજ્યપાલની મંજુરી

મહારાષ્ટ્રના રાજ્યપાલ વિદ્યાસાગર રાવે સીબીઆઈને આર્દશ કૌભાંડમાં ભુતપુર્વ મુખ્યમંત્રી અશોક ચવ્હાણ સામે કાર્યવાહી કરવા માટે મંજુરી આપી દીધી છે.હાલના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રની ભાજપ સરકાર દ્વારા લેવાયેલ પગલું વ્યાજબી છે કારણ કે ચવ્હાણ સામે પુરતા પુરાવા છે.

ડીસે.૨૦૧૩માં તત્કાલીન રાજ્યપાલ કે.શંકરનારાયણે ચવ્હાણ સામે કેસ કરવાની સીબીઆઇને મંજુરી આપી નહોતી.આથી તેમની સામે કેસ બંધ કરવામાં આવ્યો હતો.મહારાષ્ટ્રમાં ભાજપની યુતિ સરકાર આવતાં તેમની સામે નવા પુરાવાઓને આધારે કેસ ચલાવવાનુ નક્કી કરવામાં આવ્યું હતું.પરંતુ કોગ્રેસના મુખ્યમંત્રી હોવાને કારણે મહારાષ્ટ્રની ભાજપ સરકારે બદલા માટે લીધેલુ આ પગલું છે તેવું ચવ્હાણે કહ્યું હતું.ચવ્હાણ હાલમાં નાંદેડથી કોગ્રેસના લોકસભાના સાંસદ છે.આ કૌભાંડને લીધે તેમને ૨૦૧૦માં મુખ્યમંત્રી પદ છોડવું પડ્યું હતું.

સીબીઆઈનો આક્ષેપ છે કે દક્ષિણ મુંબઈના કોલાબામાં આવેલી આર્દશ હાઉસીંગ સોસાયટીમાં યુધ્ધ લડી ચુકેલા સેનાના જવાનો-અધિકારીઓ અને તેમની વિધવાઓ માટેની જ સોસાયટી હોવા છતાં ચવ્હાણે તેમાં સામાન્ય નાગરિકોનો ઉમેરો કરી દીધો હતો.એટલું જ નહી પરંતુ તેમના પરિવારના સભ્યોને માટે ફ્લેટ લીધા હતા.

ફ્રાંસનો એલન રોબર્ટ નામનો આરોહક ઉંચા ઉંચા મકાનો પર કરોળીયાની જેમ ચડી જવામાં ઉસ્તાદ છે.
હદયરોગનો પ્રથમ હુમલો આવી ગયા પછી માત્ર અડતાલીસ કલાકમાં એસ્પરીન લેવામાં આવે તો હદયરોગનો બીજો હુમલો અટકાવી શકાય છે.

# ચુંટણીમાં અપાયેલ વચનો બાદ પણ દેશભરમાં સરકારી આવાસ યોજનાના સસ્તા ભાવના બંધાયેલા મકાનો ખાલી છે

ભાજપની સરકારે ૨૦૨૨ સુધીમાં 'તમામ માટે ઘર' ચુંટણી વચનને પરિપુર્ણ કરવામાં હજુ જોઇએ તેવી ગતિ બનાવી નથી.લોકસભાની ચુંટણી વખતે વડાપ્રધાન મોદી દ્વારા અપાયેલ વચનો પૈકીનું આ એક વચન હતું.હાલમાં દેશભરામાં સરકારી આવાસ યોજના સસ્તા ભાવના ૨.૪૫ લાખ મકાનો બંધાયેલા છે. અને તે ખાલી પડ્યા છે.ઓછી કિંમતના ખાલી મકાનો ધરાવતા રાજ્યોમાં પાંચ રાજ્યો ટોચ પર છે. જેમાં ગુજરાત,મહારાષ્ટ્ર,દિલ્હી,મધ્યપ્રદેશ અને આંધ્રપ્રદેશનો સમાવેશ થાય છે.કુલ ખાલી મકાનોમાં આ રાજ્યોનો હિસ્સો લગભગ ૭૦ ટકા જેટલો છે.

ઓછી કિંમતના રહેઠાણનું બાંધકામ વિવિધ શહેરી હાઉસીંગ સ્કીમ હેઠળ કરાય છે. જેમાં જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યુયલ મિશન અને રાજીવ આવાસ યોજના સામેલ છે.આવાસ અને શહેરી ગરીબી નાબુદી મંત્રાલયના તાજેતરના આંકડાઓ અનુસાર બે મહત્વની સ્કીમ હેઠળ ૧૪ લાખ લો-કોસ્ટ રહેઠાણની મંજુરી આપવામાં આવી હતી.પરંતુ રાજ્ય સરકારો માત્ર ૮ લાખ મકાનો બનાવી શકી છે. જેમાં ૨.૪૫ લાખ મકાનોને કોઇ ખરીદનાર નથી.મંત્રાલયે આવાસ યોજનાના છત્ર હેઠળ તમામ હાઉસીંગ સ્કીમને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ એકઠી કરી છે.નવી સ્કીમ હેઠળ સરકાર ઓછા ભાવના બે કરોડ મકાન બાંધવાનો લક્ષાંક ધરાવે છે.

સૌથી વધુ લો કોસ્ટ રહેઠાણ મહારાષ્ટ્રમાં (૫૨,૯૬૬)ખાલી છે.ત્યાર પછી ગુજરાત (૨૯૧૨૬),દિલ્હી(૨૯૭૫૯), મધ્યપ્રદેશ( ૨૬,૦૦૪),અને આંધ્રપ્રદેશ (૨૩,૬૮૮) છે.જો કે સસ્તા ભાવના કહેવાતા મકાનો ની કિંમત ઉંચી હોવાને કારણે તેના ખરીદનાર મળતા નથી.બજારમાં તેનાથી પણ સસ્તા મકાનો મળી રહેતા હોય છે.

# ઇસ્કોન મંદિરોમાં ધર્માતરણ કરીને પૈસા કમાવવાનો અડ્ડો બન્યા છે : શંકરાચાર્ય

સાંઇબાબા અને શનિ પુજા પર નારાજગી વ્યક્ત કર્યા બાદ શંકરાચાર્ય સ્વામી સ્વરુપાનંદ સરસ્વતીએ હવે ઈસ્કોન મંદિરો પર નિશાન સાધ્યું છે.શંકરાચાર્યે ઈસ્કોન મંદિરોને પૈસા કમાવવાનો અડ્ડો કહ્યા છે.સાથે જ કૃષ્ણ ભક્તિની આડમાં ધર્માંતરણ કરાવવાનો સનસનાટીભર્યો આરોપ લગાવ્યો છે.શંકરાચાર્યે અલ્હાબાદ ખાતે યોજેલી પ્રેસ કોન્ફરન્સમાં કેન્દ્ર સરકારને ઈસ્કોન મંદિરોની તપાસ કરાવવાની માંગ કરી હતી.સનાતન ધર્મના લોકો ઈસ્કોન મંદિરોની બદલે ભારતીયો દ્વારા સ્થાપિત કૃષ્ણ મંદિરમાં જ પુજા અર્ચના કરવાની સલાહ આપી હતી.

શંકરાચાર્યે માઘ મેળામાં પ્રેસ કોન્ફરન્સ કરી કહ્યું કે પ્રભુપાદજીએ ઈસ્કોન મંદિરોની સ્થાપના જે હેતુથી કરી હતી,તેનાથી વિપરિત કામ થઇ રહ્યા છે.તેમણે કેન્દ્ર સરકારને તમામ ઈસ્કોન મંદિરોની પ્રવૃત્તિઓની તપાસ કરવાની માંગ કરી હતી.ઈસ્કોન મંદિરોની બદલે પરંપરાગત ભારતીય મંદિરોની પુજા કરવાની પણ અપીલ કરી હતી.

# ગુજરાત વિધાનસભામાં કોગ્રેસ લોકપ્રશ્નોને વાચા આપશે : શંકરસિંહ વાઘેલા

ગુજરાત વિધાનસભામાં કોગ્રેસ માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચન,ભાજપના ભ્રષ્ટાચારના મુદ્દા,આર્થિક અનામત અંગે પ્રાઈવેટ મેમ્બર બીલ,સૌરાષ્ટ્રમાં પીવાના પાણી અને અછતના પ્રશ્નો, રાજ્યમાં કથળી ગયેલી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ, ગરીબ આદીવાસી,દલિત,બક્ષીપંચ,અન્ય પછાત વર્ગ અને ગ્રામીણ તેમજ શહેરી પ્રજાને અસર કરતા મોંઘવારી સહિતના અનેક મુદ્દાઓને વિધાનસભા ગૃહમાં બેઇઝ સ્ટેટજી બનાવીને ઉઠાવીશું તેમ વિધાનસભાના વિપક્ષ નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું.તેમણે કહ્યું કે સંગઠન અને ચુંટાયેલા પ્રતિનિધિઓ સાથે બજેટ સત્ર અગાઉ વિવિધ સમજો અને વિસ્તારોના પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરીને વિધાનસભા ગૃહમાં પ્રશ્નો રજુ કરવામાં આવશે.

તાજેતરમાં ગુજરાત વિધાનસભા ગાંધીનગર ખાતે યોજાયેલ ઓલ ઈન્ડીયા સ્પીકર કોન્ફરન્સમાં લોકસભાના સ્પીકર શ્રીમતી સુમિત્રા મહાજનની ઉપસ્થિતિમાં દરેક રાજ્યોએ વિધાનસભાનું સત્ર ૬૦ દિવસનું બોલાવવું જોઇએ તેવો ઠરાવ કર્યો હતો.તેમ છતાં ગુજરાતની ભાજપ સરકારે માત્ર ૨૮ બેઠકો અને ૨૬ દિવસનું બજેટ સત્ર કરતાં પણ એક દિવસ ઓછું બોલાવીને પ્રજાના સામાજિક-આર્થિક પ્રશ્નોની રજુઆતનો અવકાશ ઘટાડ્યો છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**ગ્લોરી કેટરીંગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૦૯૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.